

## Cadaver Organ Donor Apurva Hareshbhai Desai



# अंगदान कर बचाया जीवन

नव वर्ष की शुरुआत में ब्रेनडेड अपूर्व के अंगों से बचीं तीन जिन्दगी

# Organ donation: Three get new lease of life

Times News Network

Surat: Two teenage boys got a new lease of life in the city on Saturday thanks to the kidneys of a brain dead man. Forty-seven-year-old **Apurva Desai's** family members also decided to donate his liver which was transplanted in the body of a 41-year-old man. Doctors of Institute of Kidney Diseases and Research Centre, Ahmedabad received the donation of two kidneys and liver. Desai's kidneys were transplanted in the bodies of 16-year-old Jay Limbani and 14-year-old Pradipsingh Shekhawat, both from Ahmedabad. His liver was transplanted in the body of Minesh Patel, who is a resident of Mehmadabad. The eyes of Apurva Desai were received as donation by Arpan Charitable Public Trust.



Apurva Desai, a businessman living in Unarwada of Navsari district, fell down while brushing his teeth on December 31. He had suffered a paralytic stroke. Mahavir Trauma Hospital doctors on examination found that he had a clot in his brain. The clot was removed but Apurva Desai was declared brain dead on the next day by the doctors.

Apurva Desai's cousin Nirav Desai, his brother-in-law Mihir Desai and uncle Bharat Desai said, "Organ donation is a noble deed. There can't be anything as noble as donating organs and giving a new lease of life to people."

### આઠ વર્ષમાં ઓર્ગન ડોનેશન દ્વારા સંખ્યાબંધ લોકોને નવજીવન અપાયું

# ગુજરાતમાં ઓર્ગન ડોનેશનમાં સુરત મોખરે



## અનાવિલ સમાજના ગૃહસ્થીના અંગોનું દાન

**ચાલુ વર્ષે ગુજરાતમાં ૪૬ ટકા હિસ્સો : માંડલેવાલા**

# ઉમરવાડાના અનાવિલ યુવકના દેહદાનથી ૩ને નવજીવન મળ્યું

## બ્રેનડેડ સ્વજનના અંગોથી કોઈને નવુ જીવન મળે તે સદ્‌ભાગ્ય : પરિવારજનો



સિટિઝન રિપોર્ટર | સુરત

ઉમરવાડાના સ્ટેશનરીનો વ્યાપાર કરતા અનાવિલ યુવકને બ્રેનડેડ થતા પરિવારજનોએ યુવકના અંગોનુ દાન કરી ત્રણ વ્યક્તિઓને નવજીવન આપી મરનાર યુવકનું જીવન સફળ બનાવ્યું હતું.

ઉમરવાડાની જવાહર સોસાયટીમાં અપૂર્વભાઈ હરેશભાઈ દેસાઈ સ્ટેશનરીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. ગુરુવારે તેને પેરાલીસીસનો હુમલો થતા તેમને મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં ન્યુરોફીજીશ્યન ડૉ.અનિરુધ્ધ આપ્ટેની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં નિદાન માટે CT સ્કેન કરાવતા તેમાં બ્રેઈન હેમરેજ હોવાનું બહાર આવ્યું હતું. ન્યુરોફીજીશ્યને ડોનેટ લાઈફ સંસ્થાનો સંપર્ક કરી અપૂર્વભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપી હતી. ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી પરિવારના સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું હતું. અપૂર્વના ભાઈ નીરવભાઈ, કાકા ભરતભાઈ અને પરિવારના અન્ય સભ્યોએ જણાવ્યું કે અમારું સ્વજન બ્રેઈનડેડ છે અને તેમના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવુ જીવન મળતું હોય તો અંગદાન કરવું જોઈએ.

દાનમાં મેળવેલ એક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદના રહેવાસી 16 વર્ષીય તરુણમાં, બીજી કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદના 14 વર્ષીય તરુણમાં કરવામાં આવ્યું છે. જ્યારે લીવરનું ટ્રાન્સપ્લાન્ટ મહેમદાબાદના 41 વર્ષીય યુવકના શરીરમાં પ્રત્યારોપણ કરાયું છે.

# ઉમરવાડાના બ્રેઈનડેડ અપૂર્વ દેસાઈના કિડની, લીવર અને આંખોનું અંગદાન: ચાર જણાંને નવજીવન મળ્યું



**સુરત, તા.૧**

અનાવિલ સમાજ ના બ્રેન ડેડ યુવાન ના કિડની લીવર અને ચક્ષુના દાનથી ચાર વ્યક્તિઓ ને નવું જીવન મળ્યું છે

ઉમરવાડા જૂની બોમ્બેમાર્કેટ પાસે આવેલી જવાહર સોસાયટી માં રહેતા અને સ્માર્ટઈન્ફોટેકના નામથી કોમ્પ્યુટર સ્ટેશનરીનો વ્યવસાય કરતા 47 વર્ષીય અપૂર્વ હરેશ દેસાઈ ગત 29મી ડિસેમ્બરના રોજ સવારે ઘરમાં બ્રશ કરતી વખતે ચક્કર આવતાં પડી ગયા હતા. આ સાથે તેમને પેરાલીસીસનો હુમલો થતા તેમને મહાવીર ટ્રોમા હોસ્પિટલમાં ન્યુરોફીઝીશ્યન ડૉ.અનિરુધ્ધ આપ્ટેની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. નિદાન માટે CT સ્કેન કરાવતા તેમાં બ્રેઈન હેમરેજ હોવાનું અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ન્યુરોસર્જન ડૉ. કે.સી જૈને ક્રેન્યોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો.

શુક્રવાર ૩૦ ડીસેમ્બર, ૨૦૧૬ ના રોજ ન્યુરોફીઝીશ્યન ડૉ.અનિરુધ્ધ આપ્ટે, ન્યુરોસર્જન ડૉ. કે.સી જૈન, અને ઈન્ટેન્સીવીસ્ટ ડૉ. આલોક શાહે અપૂર્વભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. ન્યુરોફીઝીશ્યન ડૉ.અનિરુધ્ધ આપ્ટેએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી અપુર્વભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપી. ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી અપુર્વભાઈના કાકા ભરતભાઈ, કઝીન બ્રધર નીરવ અને બનેવી મિહિરભાઈ અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું હતું. જેને પગલે પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું હતું. દાનમાં મેળવવામાં આવેલ એક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદના રહેવાસી જય હિતેન્દ્રકુમાર લીંબાણી (ઉ.વ. ૧૬)માં અને બીજી કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદના રહેવાસી પ્રદીપસિંહ એસ. શેખાવત ઉ.વ. ૧૪માં કરવામાં આવ્યું છે, જયારે લીવરનું ટ્રાન્સપ્લાન્ટ મહેમદાબાદના રહેવાસી મીનેશ દિનેશ પટેલ (ઉ.વ. ૪૧)માં કરવામાં આવ્યું છે.

# બ્રેઈનડેડ થયેલા સ્ટેશનરીના વેપારીના અંગદાનથી ત્રણને નવજીવન મળ્યું

**અપૂર્વ** દેસાઈ ઘરમાં શ્રમ કરતા ઢળી પડ્યાં હતાં, તેમની બે કિડની અને એક લિવર દાન આપી ત્રણ લોકોની જિંદગી બચાવી લેવાઇ

સુરત શહેરમાં શ્રમ કરતી વેળાએ જ ઢળી પડેલા સ્ટેશનરીના વેપારીને બ્રેઈનડેડ જાહેર કરાતા પરિવાર દ્વારા તેમના અંગોનું દાન કરવામાં આવ્યું છે.

મૂળ નવસારીના અબ્રામા ગામ નજીકના ખારા ફળિયાના વતની અને હાલ ઉમરવાડા જૂની બોમ્બે માર્કેટની સામે જવાહર સોસાયટીમાં રહેતા ૪૭ વર્ષીય અપૂર્વ હરેશભાઈ દેસાઈ હાલ સ્માર્ટ ઇન્ફોટેક ન.મથી સ્ટેશનરીની દુકાન ચલાવતા હતા. તેઓ ગયા ગુરૂવારે સવારે ૭.૩૦ વાગ્યે ઘરમાં શ્રમ કરી રહ્યા હતા ત્યારે જ અચાનક તેઓને ચક્કર આવતા તેઓ પડી ગયા હતા. આ સાથે તેમને ખેંચનો હુમલો આવતા તેઓને મહાવીર ટ્રોમા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સીટીસ્કેન કરવામાં આવતા તેઓને બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન આવ્યું હતું. જેથી ન્યુરોસર્જન ડૉ. કેયૂર જૈન તથા ડૉ. અનિરુધ્ધ આપ્ટેએ લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો પરંતુ શુક્રવારે અપૂર્વને ડૉ. દ્વારા બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા હતા. આ અંગે બંને તબીબો દ્વારા ડોનેટ લાઈફ સંસ્થાના નિલેશ માંડલેવાલાનો સંપર્ક કર્યો હતો. જ્યાં તેમના દ્વારા પણ પરિવારને સમજાવવામાં આવતા પરિવાર દ્વારા અપૂર્વભાઈના અંગોનું દાન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેથી તબીબો દ્વારા અપૂર્વભાઈની બે કિડની અને એક લીવરનું દાન લેવામાં આવ્યું હતું.



## અંગોના દાને કોની કોની જિંદગીમાં ઓજસ પાથર્યો

તેઓની પાસેથી લેવાયેલી બે કિડનીઓ અમદાવાદના જ રહીશ ૫૬ વર્ષીય હિતેન્દ્રકુમાર વઘાસી અને ૫૪ વર્ષીય પ્રવિણસિંહ એસ. જે ખાવતમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જ્યારે લીવર ... ના રહેવાસી ... પટેલમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

## છેલ્લા એક વર્ષમાં અમદાવાદની હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ કરાયેલી ૧૦૩ કિડનીમાંથી અડધોઅડધ સુરતમાંથી દાન થઈ

સુરત શહેરમાં અંગદાનનું મહત્વ દિનપ્રતિદિન વધી રહ્યું છે. સુરતમાં ડોનેટ લાઇફ સંસ્થા અંગદાતાઓના સમજાવવાથી ... અંગોનું દાન આપવા માટે ... થાય છે. જાન્યુઆરી ૨૦૧૬થી ૩૧મી ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં અમદાવાદની ઇન્સ્ટીટ્યુટ ઓફ કીડની એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા ૧૦૩ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જે પૈકી ૪૭ કેડેવરિક કિડની તો માત્ર સુરત શહેરના રહીશોએ દાનમાં આપી છે. જેથી આખા રાજ્યમાં અંગદાન પ્રત્યે સુરતનો ફાળો વધુ ... રહ્યો છે.

# अंगदान से 3 को नया जीवन

## परिजनों ने कहा : अनाविल समाज को नई दिशा मिलेगी

पत्रिका न्यूज़ नेटवर्क



## 2016 में 121 को नई जिंदगी

# અનાવિલ સમાજના આધેડના અંગદાન કરી પરિવારે સમાજને ઉદાહરણ આપ્યું

- અમદાવાદના બે તરુણોને કિડની અને મહેસાણાના યુવાનને લિવર અપાયું



" जवानीमें रक्तदान दिमागके मृत्युबाद(ब्रेईलडेड) किडनी, लिवर और हृदयदान . . . "

# ઉમરવાડાના બ્રેઈનડેડ યુવકના અંગોનું દાન : ત્રણને નવજીવન મળ્યું

## ઘરમાં ચક્કર આવતા પડી ગયેલા અપૂર્વ દેસાઈને પેરેલિસીસનો એટેક આવ્યો હતો : કિડની, લીવર, ચક્ષુનું દાન



# ડોનેટ લાઈફ દ્વારા વર્ષ ૨૦૧૬માં ૧૨૧ વ્યકિતઓને નવજીવન મળ્યું

## ૪૭ કિડની, ૨૨ લીવર, ૧ પેન્ક્રીઆસ, ૬ હૃદય, ૪૬ ચક્ષુનું દાન મળ્યું

# અનાવિલ સમાજના આધેડનાં અંગદાનથી ત્રણ જીવનમાં આનંદ

(પ્રતિનિધિ દ્વારા) સુરત, રવિવાર

ઉમરવાડાના અનાવિલ સમાજના આધેડ પડી ગયા બાદ બ્રેઇનડેડ જાહેર કરાયા હતાં. દેસાઇ પરિવારે તેમનું અંગદાન કરીને માનવતાની મહેંક પ્રસરાવી હતી.

## મૂળ નવસારીના ખારા અબ્રામાના અને હાલ ઉમરવાડામાં રહેતા અપૂર્વભાઇ દેસાઇના પરિવારે માનવતા મહેંકાવી

મૂળ નવસારીના ખારા અબ્રામા ગામના વતની અને હાલ ઉમરવાડામાં જૂની બોમ્બે માર્કેટ પાસે જવાહરનગરમાં રહેતા અપૂર્વભાઇ હરેશભાઇ દેસાઇ (ઉ.વ. ૪૭) કોમ્પ્યુટર સ્ટેશનરીના વ્યવસાય સાથે સંકળાયેલા હતાં. તા. ૨૯મીને સવારે બ્રશ કરતી વખતે અચાનક ચક્કર આવતા તેઓ પડી ગયા હતાં.



પેરાલીસીસનો હુમલો આવતા સારવાર માટે અઠવાગેટની પ્રાઇવેટ હોસ્પિટલમાં દાખલ કર્યા હતાં. ત્યાં તા. ૩૦મીના રોજ તબીબે તેમને બ્રેઇનડેડ જાહેર કર્યા હતાં. ડોનેટ લાઇફના માર્ગદર્શનથી તેમના પરિવારે તેમની કિડની અને લીવરનું દાન આપ્યું હતું. એક કિડની અમદાવાદના જય હિતેન્દ્રકુમાર લીંબાણી (ઉ.વ. ૧૬)માં અને બીજી કિડની અમદાવાદના પ્રદીપસિંધ એસ. શેખાવત (ઉ.વ. ૧૪)માં તથા લીવર મહેમદાબાદના મીનેષ દિનેશભાઇ પટેલ (ઉ.વ. ૪૧)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું. છેલ્લા એક વર્ષ દરમિયાન સુરતમાંથી બ્રેઇનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી ડોનેટ લાઇફને ૪૭ કિડની, ૨૨ લીવર, ૧ પેન્ક્રીઆસ, ૬ હૃદય અને ૪૯ ચક્ષુઓનાં દાન મેળવીને ૧૨૧ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

# અનાવિલ સમાજના બ્રેઈનડેડ અપૂર્વ હરેશભાઈ દેસાઈના અંગોનું દાન કરી દેસાઈ પરિવારે સમાજને નવી દિશા બતાવી માનવતાની મહેક પ્રસારી

સુરત,તા.૧

ગુરુવાર ૨૯ ડીસેમ્બર, ૨૦૧૬ ના રોજ સવારે ૭:૩૦ વાગ્યે પ્રેશ કરતી વખતે અપૂર્વભાઈને એકાએક ચક્કર આવતા પડી ગયા હતા અને પેરાલીસીસનો હુમલો થતા તેમને મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં ન્યુરોફીજીશ્યન ડૉ.અનિરુધ્ધ આપ્ટેની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. નિદાન માટે ?? સ્કેન કરાવતા તેમાં બ્રેઈન હેમરેજ હોવાનું અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ન્યુરોસર્જન ડૉ. કે.સી. જૈને ક્રેનીયોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કાઢી હતો. શુક્રવાર ૩૦ ડિસેમ્બર, ૨૦૧૬ ના રોજ ન્યુરોફીજીશ્યન ડૉ.અનિરુધ્ધ આપ્ટે, ન્યુરોસર્જન ડૉ. કે.સી. જૈન, અને ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. આલોક શાહે અપૂર્વભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યા. ન્યુરોફીજીશ્યન ડૉ.અનિરુધ્ધ આપ્ટેએ ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી અપૂર્વભાઈના બ્રેઈનડેડ અંગેની જાણકારી આપી. ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી અપૂર્વભાઈના કાકા શ્રી ભરતભાઈ, કઝીન બ્રધર નીરવ અને બનેવી મિહિરભાઈ અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું. અપૂર્વભાઈના કઝીન બ્રધર નીરવભાઈ, કાકા શ્રી ભરતભાઈ, બનેવી મિહિરભાઈ અને પરિવારના અન્ય સભ્યોએ જણાવ્યું કે અમારું સ્વજન બ્રેઈનડેડ છે અને તેમના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો. પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાળાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કોઓર્ડીનેટર ડિમ્પલ શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું. અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમે આવી કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન અર્પણ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના ડૉ. મીનાબેન વડિયાએ સ્વીકાર્યું. દાનમાં મેળવવામાં આવેલ એક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદના રહેવાસી જય હિતેન્દ્રકુમાર ગીનાણી ઉ.વ. ૧૬માં અને બીજી કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદના રહેવાસી પ્રદીપસિંહ એસ. શેખાવત ઉ.વ. ૧૪માં કરવામાં આવ્યું છે. જ્યારે લીવરનું ટ્રાન્સપ્લાન્ટ મહેમદાબાદના રહેવાસી મીનેશ દિનેશભાઈ પટેલ ઉ.વ. ૪૧માં કરવામાં આવ્યું છે. આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. પ્રાંજલ મોદી, ડૉ જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે. અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં અપૂર્વભાઈના પિતાશ્રી હરેશભાઈ, કાકા શ્રી ભરતભાઈ, કઝીન બ્રધર નીરવ, બનેવી મિહિરભાઈ, ન્યુરોસર્જન ડૉ. કે.સી. જૈન, ન્યુરોફીજીશ્યન ડૉ. અનિરુધ્ધ આપ્ટે, ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. આલોક શાહ, મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાળા, મંત્રી શ્રી [illegible] જૈન, ટ્રસ્ટી શ્રી [illegible] દેસાઈ, નીરવ માંડલેવાળા અને પ્રોગ્રામ ઓફિસર [illegible] જોષી અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો. સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેઈનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાળા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૮૨ કિડની, ૬૭ લીવર, ૪ પેન્ક્રીઆસ, ૭ હૃદય અને ૧૫૮ ચક્ષુઓના દાન મેળવીને ૪૧૭ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે. સૌ પ્રથમ વખત આ વર્ષમાં એટલે કે જાન્યુઆરી ૨૦૧૬ થી ૩૧મી ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) માં ૧૦૩ કેડેવરિક કિડની ટ્રાન્સપ્લાન્ટ થયા છે જેમાંથી ૪૭ કેડેવરિક કિડની સુરત દ્વારા ડોનેટ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા એક વર્ષ દરમિયાન સુરતમાંથી બ્રેઈનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી ડોનેટ લાઈફ દ્વારા ૪૭ કિડની, ૨૨ લીવર, ૧ પેન્ક્રીઆસ, ૬ હૃદય અને ૪૬ ચક્ષુઓનાં દાન મેળવીને ૧૨૧ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

# अनाविल समाज के ब्रेनडेड अपूर्व हरेशभाई देसाई के अंगों का दान देकर परिवार ने समाज को नई दिशा दिखायी



## અનાવિલ સમાજના બ્રેઈનડેડ અપૂર્વ હરેશભાઈ દેસાઈના
# અંગોનું દાન કરી દેસાઈ પરિવારે સમાજને નવી દિશા બતાવી

▪ સુરત, તા. ૧





# બ્રેઈનડેડ હરેશ દેસાઈના અંગદાનથી અન્ય લોકોના જીવનમાં પ્રકાશ ફેલાયો

## દેસાઈ પરિવારે મૃતકના અંગોનું દાન કરી માનવતા મહેકાવી

સુરત, તા. ૫

ગુરુવાર ૨૯ ડીસેમ્બર, ૨૦૧૬ ના રોજ સાંજે ૭:૩૦ કલાકે શ્રમ કરતી વખતે અપૂર્વભાઈને એકાએક ચક્કર આવતા પડી ગયા હતા અને પેરાલીસીસનો હુમલો થતા તેમને મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં ન્યુરોફીઝીશયન ડો. અનિરુધ્ધ આપ્ટેની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. નિદાન માટે CT સ્કેન કરાવતા તેમાં બ્રેઈન હેમરેજ થયાનું અને મગજમાં લોહીનો મોટો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ન્યુરોસર્જન ડો. કે.સી. જૈને ક્રેન્યોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો.

શુક્રવાર ૩૦ ડીસેમ્બર, ૨૦૧૬ ના રોજ ન્યુરોફીઝીશયન ડો. અનિરુધ્ધ આપ્ટે, ન્યુરોસર્જન ડો. કે.સી. જૈન, અને ઇન્ટેન્સીવીસ્ટ ડો. આલોક ગાંધીએ અપૂર્વભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યા.

ન્યુરોફીઝીશયન ડો. અનિરુધ્ધ આપ્ટેએ ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી અપૂર્વભાઈના બ્રેઈનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી અપૂર્વભાઈના કાકા શ્રી ભરતભાઈ, કઝીન બ્રધર નીરવ અને બનેવી મિહિરભાઈ અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું. અપૂર્વભાઈના કઝીન બ્રધર નીરવભાઈ, કાકા શ્રી ભરતભાઈ, બનેવી મિહિરભાઈ અને પરિવારના અન્ય સભ્યોએ જણાવ્યું કે અમારા સ્વજન બ્રેઈનડેડ છે અને તેમના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો-ઓર્ડિનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. પ્રાંજલ મોદી અને તેમની ટીમે આવી કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન અર્પણ પબ્લિક

અનુસંધાન પાના ૫ પર

**બ્રેઈનડેડ**

**પહેલા પાનાનું ચાલુ**

ચેરીટેબલ ટ્રસ્ટના ડો. નીતાબેન ભરડિયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલ એક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદના રહેવાસી જય શૈલેન્દ્રકુમાર લીંબાણી ઉ.વ. ૧૯માં અને બીજી કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદના રહેવાસી મહીપસિંહ એસ. શેખાવત ઉ.વ. ૧૪માં કરવામાં આવ્યું છે. જ્યારે લીવરનું ટ્રાન્સપ્લાન્ટ મહેમદાબાદના રહેવાસી મીતેશ દિનેશભાઈ પટેલ ઉ.વ. ૪૧માં કરવામાં આવ્યું છે. આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી, ડો. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.